ગાંધીનગર સમાચાર
તા. ૬-૩-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

લોકશાહીના મહાપર્વની ઘોષણા : નવ તબક્કામાં મતદાન

ધારણા મુજબ મુખ્યમંત્રી કમિશનર દ્વારા દેશની સોળમી લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે અને દરેક રાજકીય પક્ષે એનું સ્વાગત પણ કર્યું છે. ૨૦૦૯ની લોકસભાની ચૂંટણી પાંચ તબક્કામાં કરાવાઈ હતી. આ વખતની ચૂંટણી નવ તબક્કામાં કરાવાઈ રહી છે. ૭ એપ્રિલથી શરૂ કરી છેક ૧૨ મે, ૨૦૧૪ સુધીનો સવા મહિનાનો સમયગાળો ભારત માટે ચૂંટણીની મોસમ બની રહેશે. ગુજરાતમાં એક જ તબક્કે ૩૦ એપ્રિલના દિવસે તમામ છવ્વીસ બેઠકો પર મતદાન યોજાઈ જશે, એની સામે મહારાષ્ટ્રમાં ત્રણ તબક્કે, રાજસ્થાનમાં બે તબક્કે અને ઉત્તરપ્રદેશ તથા બિહારમાં છ તબક્કે મતદાન યોજાશે. ચૂંટણીનું મતદાનપર્વ સંપન્ન થયા પછી ૧૬ મેના દિવસે મતગણતરી યોજાશે, જેથી આપણે મેના અંત સુધીમાં નવી સરકાર મેળવવાની અપેક્ષા રાખી શકીશું. આ વખતના મતદાન તબક્કાઓ વધવા પાછળનો એક માત્ર આશય સલામતીપૂર્વક મતદાન યોજાઈ શકે તે જ છે. જયાં વહેલું ચોમાસું બેસી જતું હોય છે ત્યાં વેળાસર ચૂંટણી થઈ જાય તેવું આયોજન કરાયું છે. વધુ ગરમી શરૂ થઈ જાય તે પહેલાં મતદાન કરાવી દેવાની પણ નેમ રખાઈ છે. વચ્ચેના દિવસોમાં આવતા તહેવારોના તથા બોર્ડ યુનિવર્સિટીની પરીક્ષાઓના દિવસો સાચવી લેવાયા છે. નકસલ પ્રભાવિત ક્ષેત્રોમાં એક તબક્કે એક જ બેઠક પર મતદાન થાય, એનું પણ ધ્યાન રખાયું છે. સલામતી દળોને અધવચ્ચે વધુ પડતી દોડાદોડી ન કરવી પડે અને દરેક મતદાનક્ષેત્રને જરૂરી સુરક્ષા કવચ સમયસર પૂરું પાડી શકાય એ મુદ્દો ખાસ ધ્યાને લેવાયો છે. આ વખતે કુલ સાડી એકયાશી કરોડ જેટલા મતદાતાઓ એમના મતાધિકારનો ઉપયોગ કરી વિશ્વની સૌથી મોટી લોકશાહીની નવી સંસદને ચૂંટી કાઢશે. આગામી ચૂંટણીમાં ગત ૨૦૦૯ની ચૂંટણી કરતાં દસ કરોડ જેટલા નવયુવાન મતદાતાઓનો ઉમેરો થયેલ છે. ચૂંટણી કમિશનરે આ હકીકતની જાહેરાત કરી એના ગણતરીના કલાકોમાં ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ટિવટ કર્યું અને આ નવા, પહેલી જ વાર મતદાન કરવા જઈ રહેલ મતદારોનું સ્વાગત કર્યું છે તથા દેશને એમની પાસે ઘણી મોટી આશાઓ હોવાનું જણાવ્યું છે. હકીકતમાં આપણું આ ચૂંટણીપર્વ અગાઉનાં તમામ ચૂંટણીપર્વોની સરખામણીમાં વિશિષ્ટ બની રહેવાનું છે. અહીં પાર્ટી કરતાં જાણે વડાપ્રધાનની સીધી ચૂંટણી ચાલવાની હોય એવો પ્રચાર કરાઈ રહ્યો છે. અડવાણી જેવા વરિષ્ઠ અગ્રણીને રાહુલ ગાંધીએ ભાજપ 'વન મૅન શો' બની રહ્યાની ટીકા કરેલી તેનું સમર્થન કરવું પડ્યું છે. હકીકત દીવા જેવી સ્પષ્ટ છે. આ ચૂંટણી ભાજપ કરતાં વિશેષ નરેન્દ્ર મોદી વિરુદ્ધ અન્ય બધા જેવો આકાર લઈ રહી છે. ચૂંટણી કમિશનરે અવારનવાર કરાતા અને કરાવાતા ઓપિનિયન પોલ પર- ચૂંટણી સર્વેક્ષણો પર પ્રતિબંધ નથી મૂકયો તે સૂચક છે. એથી દેખીતી રીતે જ નરેન્દ્ર મોદી આધારીત ભાજપ અને ઍનડીએના ઘટક પક્ષો હરખાશે. ચૂંટણી પંચે ઓપિનિયન પોલ અને 'ઍક્ઝિટ પોલ' બેઉ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી હતી. પરંતુ વહીવટીતંત્ર અને ન્યાયપાલિકા ઓપિનિયન પોલ મુદ્દે કશો નક્કર 'ઓપિનિયન' નથી આપી શકયાં. મુખ્ય ચૂંટણી કમિશનરના અભિપ્રાય મુજબ એક્ઝિટ પોલ પરનો પ્રતિબંધ ચાલુ જ છે પરંતુ ચૂંટણી સર્વેક્ષણો પર તો સંસદ જ પ્રતિબંધ મૂકી શકે. લોકસભાની ચૂંટણી સાથે જ આંધ્રપ્રદેશ, ઓડિશા અને સિક્કિમની વિધાનસભાની ચૂંટણી પણ યોજાઈ રહી છે. ચૂંટણીની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. આગામી ચૂંટણીમાં વિક્રમજનક મતદાન થવાની શકયતા છે. વળી વિવિધ હિંસક ગ્રુપો પોતપોતાની ધાક જમાવવા સક્રિય થાય તેવી શકયતા પણ નકારી શકાતી નથી. તેથી જડબેસલાક સલામતી વ્યવસ્થા જળવાય અને તમામ રાજયોની તમામ બેઠકો પર શાંતિપૂર્ણ મતદાન યોજાય તે માટે બહુ જ ઝીણવટ પૂર્વકનું આયોજન કરાયું છે. આખરે તો મતદાર એ લોકશાહીના પાયાની ઈંટ છે. મતદારનો મતદાનનો મૂળભૂત અધિકાર જળવાયસસ એ નિર્ભય થઈ મનગમતા પક્ષ અને ઉમેદવારને મતદાન કરી શકે બલકે ઉપલબ્ધ ઉમેદવારો પૈકી કોઈ પણ ઉમેદવાર મત આપવા લાયક ન જણાતો હોય તો 'કોઈ નહીં'નું બટન દાબીને પોતાનો ઢૂંટીનો અવાજ રજૂ કરી શકે એવી વ્યવસ્થા ચૂંટણી પંચે ગોઠવી છે.

આપણે લોકશાહીના આ મહાપર્વની ઘોષણાની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા. હવે મતદાતા માટે એની તાકાત અને ઔકાત બતાવવાની તક હાથવેંતમાં છે. વિશ્વના તમામ દેશોની નજર ભારતની ચૂંટણી પર કેન્દ્રિત થઈ રહી છે, કારણ કે આ વખતે રચાનારી સોળમી સંસદ ભારતને વિશ્વના નકશામાં એક નવી ઊંચાઈએ લઈ જશે એવી અપેક્ષા સેવાઈ રહી છે. આશા રાખીએ કે ભારતીય મતદાતા દેશની નવી સરકાર ચૂંટવામાં પૂરી કોઠાસૂઝ બતાવે!

સુંદરી નાટ્યગૃહ ખાતે આજે 'તું પારિજાતનું ફૂલ' નાટક

પ્રતિભા રાવલ નિર્મિત-દિગ્દર્શિત નાટક શુદ્ધ હાસ્ય સાથે મનોરંજનની બધી જ સામગ્રી ધરાવે છે

ગાંધીનગર, તા. ૫

શહેરમાં પૂરબહારમાં ખીલેલી નાટકોની મોસમમાં એક નવું ગુલાબી રંગનું ફૂલ ખીલ્યુ છે, જેનું નામ છે 'તું પારિજાતનું ફૂલ' હાસ્યના રંગો અને ઉચ્ચ કક્ષાના ફારસનાં દર્શન સાથે જૂના નાટક મનોરંજનની બધી જ સામગ્રી ધરાવે છે.

વિશ્વ પ્રસિદ્ધ ફ્રેન્ચ નાટ્યકાર 'મોલીયર'ના ખૂબ જ વખણાયેલા નાટક 'હાઈપોકોંડ્રીયાક' પરથી આ નાટકનું વિષયવસ્તુ લેવામાં આવ્યું છે. અને ગુજરાત ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર પ્રતિભા રાવલે આ નાટકનું ગુજરાતી રૂપાંતરણ કર્યુ છે. આ નાટકનું દિગ્દર્શન પણ તેમણે સ્વયં જ કર્યુ છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તરફથી આ નાટકને આર્થિક સહાય આપવામાં આવી છે, જેનો પ્રથમ પ્રયોગ તા. ૬ માર્ચના રોજ રાત્રે ૮.૩૦ કલાકે જયશંકર સુંદરી નાટ્યગૃહ, રાયખડ ખાતે યોજાશે.

માનવ મનની વિચિત્રતાઓ, એમાંથી ઉપજતા હાસ્ય અને માનવ મૂલ્યોની દુહાઈ ગાતા આ નાટકમાં પ્રતિભા રાવલ ઉપરાંત નવિન ઓઝા, કુંદન પંડ્યા, અક્ષય પટેલ, નયના પટેલ, દર્પણ પટેલ, હર્ષ કાવિઠીયા, દેવદત્ત જાની અને કુંતલ નિમાવત અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે. સેટીંગ્સ સુભાષ ભટ્ટનું છે અને સંગીત આપ્યું છે ઋષિકેશ મહેતાએ.

મનોરંજનનો રસથાળ પિરસતું આ નાટક જાહેર જનતા માટે યોજાઈ રહ્યું છે, એને માણવા માટે સૌ નાટ્યરસિકોને પ્રતિભા રાવલ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

હોલ ટિકિટમાં વિદ્યાર્થીઓના નામ, અટક, ફોટા બદલાયા

અમદાવાદ, તા.૦૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તારીખ ૧૩ માર્ચથી લેવાનારી ધોરણ-૧૦ની પરીક્ષાની હોલ ટિકિટનું વિતરણ સોમવારે કરવામાં આવ્યું હતું. આ હોલ ટિકિટમાં પણ બોર્ડની છબરડાની પરંપરા યથાવત રહેવા પામી છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની હોલ ટિકિટમાં વિદ્યાર્થીઓના નામ, અટક અને ફોટા બદલાઈ ગયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જેના કારણે પરીક્ષાની છેલ્લી ઘડીએ વિદ્યાર્થીઓ અને વાલીઓને દોડધામ કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સ્કુલોને વિદ્યાર્થીઓની હોલ ટિકિટનું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત સોમવારે વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંગળવારે શાળાઓએ ધોરણ-૧૧ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં હોલ ટિકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તો કેટલીક શાળાઓએ આજે હોલ ટિકિટનું વિતરણ કર્યું હતું. જે વિદ્યાર્થીઓને હોલ ટિકિટનું વિતરણ કરાયું તે વિદ્યાર્થીઓના નામના ભૂલ, અટકમાં ભૂલ જેવા છબરડા સામે આવ્યા છે તો કેટલાક હોલ ટિકિટ એવી પણ છે કે જેમાં વિદ્યાર્થીઓના ફોટા બદલાઈ ગયા છે. એક જ વિદ્યાર્થીનો બે હોલ ટિકિટમાં ફોટો આવ્યો હોય તેવી ઘટનાઓ પણ સામે આવી છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપૂર્ણ રીતે ઓનલાઈન કરવામાં આવી હતી. તેમ છતાં હોલ ટિકિટમાં છબરડા સામે આવ્યા છે.

આથી શાળાઓએ ફરીથી વિદ્યાર્થીઓનાં ફોર્મ ભરીને સુધારવા માટે શિક્ષણ બોર્ડમાં મોકલવા પડશે. એટલું જ નહીં જે હોલ ટિકિટમાં વિષયની ભૂલ હશે તેવી હોલ ટિકિટના સુધારા માટે શિક્ષણ બોર્ડની કચેરીએ ધક્કો ખાવો પડશે જેના કારણે પરીક્ષાની તૈયારીના અંતિમ દિવસોમાં જ વિદ્યાર્થીઓની દોડધામ વધી જશે.

બેન્ક ઓફ ઈન્ડિયા ગાંધીનગર વિભાગ દ્વારા ઈન્ટર ઝોન ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૩,૪ માર્ચના રોજ સચિવાલય જિમખાના મેદાન સે. ૨૧ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યની અલગ-અલગ બ્રાન્ચના કર્મચારીઓએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચ અમદાવાદ અને વડોદરા વચ્ચે યોજાઈ હતી. જેમાં અમદાવાદ ઝોન ટીમ વિજય થઈ હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે જે.જી. હિંગરાજીયા મ્યુનિસિપલ કમિશનર ગાંધીનગર, રાજીવ પાઠક, ઝોનલ મેનેજર ગાંધીનગર વિભાગ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા હોમગાર્ડ જવાનોની ભરતી મોકુફ

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડદ્વારા આજરોજ યોજાનાર ભરતી મોકુફ રાખવામાં આવી છે. જિલ્લા હોમગાર્ડની કચેરી દ્વારા જિલ્લાના ટીંટોડા, આદરજમોટી, માણસા, દહેગામ અને રખિયાલ ખાતે આજરોજ હોમગાર્ડ જવાનોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હતી. આ ભરતી આગામી લોકસભાની ચૂંટણીને પગલે લગાવવામાં આવેલી આચાર-સહિંતાના કારણે મોકુફ રાખવામાં આવી છે.

હરિની દૃષ્ટિ...

જી.ઈ.બી. પ્રાથમિક શાળા દ્વારા વાર્ષિકોત્સવ, સફાઈ અભિયાન અને શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૫

જી.ઈ.બી. કોલોની ખાતેની સરકારી પ્રાથમિક શાળા નં. ૧ દ્વારા વાર્ષિકોત્સવ, નગર સફાઈ અભિયાન અને શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. શાળાના ત્રણ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

નગરની પ્રથમ ઈમારત જયા બનાવવામાં આવી હતી તે જી.ઈ.બી. કોલોની પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ યોજવામાં ાવ્યો હતો. જે અંતર્ગત ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. વાર્ષિકોત્સવમાં દોરડાકૂદ, સ્લૉ સાઈકલ, કોથળા દોડ, ત્રિપગીદોડ, લીંબુચમચી સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી.

તેમજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા નગર સફાઈ અભિયાન હાથ ધર્યુ હતુ. સફાઈમાં જી.ઈ.બી.ના વિવિધ વિસ્તારોમાં કચરો દૂર કરી નગરને રળિયામણુ બનાવ્યુ હતુ. આ અભિયાનમાં સ્થાનિક કોર્પોટર હંસાબેન મોદી અને સી.આર.સી. પ્રકાશભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ અને અભિયાનમાં હાથ બટાયો હતો.

શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. પ્રવાસમાં વિશ્વની મોટી પ્રતિમા નિર્માણ પામવાની છે તે કેવડિયા કોલોની, સરદાર ડેમ, વડોદરાનો કમાટી બાગ અને આજવા-નિમેટા જેવા સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. વાર્ષિકોત્સવ અને સફાઈ અભિયાનના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

ચિલોડા સ્વામીનારાયણ પ્રાથમિક શાળા ખાતે રંગારંગ કાર્યક્રમ યોજાશે

ચિલોડા, તા. ૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે વાર્ષિકોત્સવ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ ટ્રસ્ટ ચિલોડા સંચાલિત પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ તરીકે રંગારંગ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે કાર્યક્રમના સમારંભના અધ્યક્ષ સ્થાને મેનેજીંગ ટ્રસ્ટી, ઓમ એજ્યુકેશન ટ્રસ્ટના સંચાલક શ્રી ગિરીશભાઈ રાવલ તથા મુખ્ય અતિથિશ્રી તરીકે સ્વામીનારાયણ વલ્લભદાસજી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ તા. ૮મી માર્ચ શનિવારના રોજ સાંજે ૭.૦૦ વાગે યોજવામાં આવશે.

હારીજ તાલુકાના અરીઠા ખાતે દલિત સેનાનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૫

દલિત સમાજની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવા માટે સમાજ દ્વારા આગામી સમયમાં સ્મૃતિ મંદિર અને શૈક્ષણિક સંકુલ બનાવવામાં આવશે. સંકુલ માટે ફાળો એકત્ર કરવા માટ લોક ડાયરો અને સમાજ રથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રના દાતાઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

દલિત સમાજના બાળકો અભ્યાસ કરી ઉચ્ચ કારકીર્દી ઘડતર માટે ઉત્તર ગુજરાત દલિત સમાજની રાઘુભગવાનની જગ્યામાં સ્મૃતિ મંદિર અને શૈક્ષણિક સંકુલ આગામી સમયમાં નિર્માણ પામશે. ભવ્યાતિભવ્ય સંકુલ બનાવવા માટે ફાળો એકત્ર કરવામાં આવશે જેના માટે હારીજ તાલુકાના અરીઠા ખાતે ભવ્ય લોકડાયરો યોજવામાં આવ્યો હતો.

સમારોહ ગાંધીનગર જિલ્લા દલિત સેના પ્રમુખ અને વોઈસ ઓફ ગાંધીનગરના તંત્રીના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં દલિત સમાજની પ્રવૃત્તિઓને વાચા આપતા અને સમાજસેવકો, પત્રકારો અને દાતાઓનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું અને રથયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજ દ્વારા લોકડાયરાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના નામાંકિત કલાકારો દ્વારા ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. જેમાં હારીજ, પાટણ, ચાણસ્મા તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

વ્યક્તિના અહંકાર પર પડેલો નાનો ઉઝરડો ક્યારેક સંબંધોની ઘોર ખોદી નાખે છે...

સમાજ ચિંતન
- પોપટલાલ પ્રજાપતિ

સમાજમાં કેટલાકોને અણધારી આપત્તિઓ સામે બાથ ભીડવી પડે છે તો કેટલાક જાણી જોઈને આપત્તિઓ ઉભી કરે છે. કેટલાક સામાજિક પ્રશ્નોમાં એવા અટવાય છે કે સતત મુંઝાયા કરે છે. મુંઝવણ ઉકેલવા પ્રયત્ન કરે તેમ વધુને વધુ ગુંચવાતા જાય છે. માનવીની જીંદગી સંબંધોના પાયા પર રચાય છે. માનવને સંબંધોનો સથવારો અને મિત્રતાની હૂંફ મળી જાય પછી જિંદગીની સમસ્યાઓ હલ કરવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. સાવ સહજતાથી જિંદગી પાર કરી લે છે. સંબંધોની સુમેળતા જાળવવા માનવે પારદર્શક બનવું પડે છે. બનાવટના પાયા પર સંબંધો ટકી શકતા નથી. એમાં કૃત્રિમતાનો ટોળ તો ક્યારેક ચઢી ન શકે. સંબંધો બનાવવા અને ટકાવવા બહુ સહેલા નથી. પછી તે પડોશીના સંબંધો હોય. દરેક સંબંધોમાં ત્યાગ, નિસ્વાર્થપણું કે જતું કરવાની ભાવના હોય તો જ સંબંધો ટકી રહે છે.

વાત કરીએ સામાજિક સંબંધોની ઉંમર લાયક દીકરા/દીકરીના સંબંધો થકી વેવાઈ થવાવની ઉતાવળ વડીલોને હોય તે સ્વાભાવિક છે. પણ સંબંધો બાંધવામાં થતી નાનકડી ભૂલ ક્યારેક જીવતરમાં ઝેર રેડવાનું કામ કરે છે. તેમાંથી ક્યારેક દુર્ઘટનાઓ પણ સર્જાય છે. વેવાઈના સંબંધોની ઉષ્મા કાયમ જળવાતી નથી. દીકરાએ દીકરીના દામ્પત્યજીવનમાં કડવાશ ઉભી થાય તો તેની સીધી અસર વેવાઈ સંબંધો પર પડે છે. ક્યારેક પતિ-પત્નિ એક બીજાને માફ કરી દે પણ વેવાઈ સંબંધોમાં પડેલી તિરાડ જલ્દી સંધાતી નથી. એક યુવતિના પિતાની તબિયત બગડ્યાના સમાચાર જાણ્યા કે તે લાગણીવશ બની બધા કામ પડતા મૂકી પિતાની ખબર કાઢવા પિયર દોડી ગઈ. ન તો તેણે પતિની રજા લીધી કે ન તો સાસુ-સસરાને તેની જાણ કરી. પરિણામ એ આવ્યું કે પતિએ તો ઠપકો આપી મન મનાવી લીધું પણ સસરાનો અહમ ગવાયો. પુત્રવધુ કોઈને પૂછ્યા વગર ઘર બહાર પગ મૂકી જ કેમ શકે? આમાંથી બે વેવાઈ વચ્ચે ચણભણ થઈ, સંસ્કાર અને વ્યવહારિકતાની દલિલો થઈ, પરિવારની માન મર્યાદાના ઉદાહરણો દેવાયા, તેમાંથી વાત વણસી અને છેવટે છુટાછેડા સુધી પહોંચી. વેવાઈએ કહી દીધું જયાં સુધી અમે તમારી દીકરીને તેડવા ન આવી એ ત્યાં સુધી તમારી દીકરી મોકલતા નહીં. તમારા ઘરે જ રાખજો. વેવાઈ પણ વટવાળા હતા. તેમણે સંભળાવ્યું. મારી દીકરી કંઈ અમોને વધારે નહી પડે તમારે જરૂર હોય ત્યારે બોલાવી લેજો.. તેના રોટલા અમોને ભારે નહીં પડે... વાત સાવ સામાન્ય.. પણ કોણ નમે તે પ્રશ્ન અહમ નો ટકરાવ.. બંને વેવાઈ વચ્ચે અબોલા થયા અને સંબંધો તંગ થયા.. પતિ-પત્નિ વચ્ચે કોઈ મનદુઃખ ન હતું પણ વડીલોની મર્યાદાની ઉપરવટ જવાની કોઈની હિંમત નહિ... સમય વિતતો ગયો.. સંબંધો વણસતા ગયા.. કોઈ ઝુકવા તૈયાર નહી.. પણ એકવાર દીકરીએ શાંત ચિતે વિચાર્યું વડીલોના અહમમાં માટે મારું ઘર શા માટે ભાંગવું? અમારા દામ્પત્ય જીવનને શા માટે વેરવિખેર કરી નાખવું? અને એકવાર પિતાની ગેરહાજરીમાં માતાની રજા લઈ તે પોતાના સાસરે પરત આવી ગઈ અને સસરાને પગે લાગી પોતાની ભૂલ બદલ માફી માગી લીધી. સસરાનો પણ અહમ ઓગળી ગયો.. અને પુત્રવધુના દામ્પત્યજીવનમાં મધુરતાનો રાગ ફરી છેડાયો.. અને સમજદારીથી સંબંધો તૂટતા બચી ગયા. આમ સમાજના તૂટતા સંબંધોમાં પોતે માની લીધેલો અહંકાર જ કામ કરી જાય છે.

આવું જ માધવીના લગ્ન જીવનમાં બન્યું. વાતમાં સમજદારીનો અભાવ હતો. માધવી બેન્કમાં નોકરી કરે તેના પતિ બિઝનેશમેન હતા. માધવી ફ્રી માઈન્ડની અને મુક્ત વાતાવરણમાં ઉછરેલી, તેથી પુરુષો સાથે હસીમજાક કરવામાં તેને કંઈ અજુકતું લાગતું નહી. પુરુષોને તાળી આપવામાં કે તેના ખભે ધબ્બો મારવો તેને સહજ લાગતું. પતિની માનસિકતા એવી હતી કે પુરુષો સાથે નિખાલસતાથી વર્તવામાં ક્યારેક જોખમ સર્જાતા હોય છે. કોઈની વાંકી નજર સ્ત્રીઓ વિશે મનઘડંત વાતો કરે છે. પતિએ માધવીને ચેતવી.. પુરુષોથી અંતર રાખવાની વાત કરી અને માધવીનો અહમ ઘવાયો. મારો પતિ મારા પર શંકા કરે છે. બસ પછી તૂ... તૂ... મૈં.. મૈં.. શરૂ થઈ ગયું. અને અંતે છૂટાછેડામાં આવ્યો. આ વાત કંઈ એવી ન હતી જેનો ઉકેલ ન મળે ક` સમાધાન ન થાય. પણ આજના સંબંધો જાણે સૂતરના તાંતણે બંધાય છે. અને પવનની એક નાનકડી લહેર આવે ત્યાં તો આ તાંતણો તૂટી જાય છે. ઈન્સ્ટન્ટ સંબંધો અને ઈન્સ્ટન્ટ ડાયવોર્સ એ વર્તમાન યુગની રસમ બની ગઈ છે.

પાંચ વર્ષથી દામ્પત્યજીવન ભોગવી રહેલા એક પતિને બે બાળકો થયા પછી એકવાર ખબર પડી કે લગ્ન સમયે તેની પત્નિએ તેની જન્મ તારીખ ખોટી જણાવી હતી હકીકતમાં તે પોતાનાથી છ મહિના મોટી હતી. આ બાબતની ખાત્રી થતા પતિદેવનું વિરાટ સ્વરૂપ છતું થયું. તેં મારી સાથે બનાવટ કરી જ કેમ? પત્નિએ ઘણી કિકલુદી કરી. આપણું દામ્પત્યજીવન સુખી છે. બે બાળકો છે હવે આ પ્રશ્નનો શો મતલબ? પણ પતિ એકના બે ન થયા અને તેણે પત્નિને બાળકો સાથે કાઢી મૂકી... કોણ જાણે માનવીના મન કેમ આટલા ટૂંકા થતા જાય છે? સહનશીલતા કે સમજણનો અભાવ કેમ સર્વત્ર વર્તાય છે? આપણી આવી માનસિકતાને કારણે જ આપણે સારા મિત્રો, સારા સંબંધીઓ, સારા પાડોશીઓ કે સારા જીવનસાથી ગુમાવીએ છીએ. પ્રત્યેક વખતે બીજાની ભુલો કાઢવામાં આપણે માહેર છીએ પણ પોતાનો ચહેરો અરીસામાં જોવાની તસ્દી લેતા નથી. કાયમ આપણે અરીસો સાફ કરીએ છીએ ચેહરા પરની ધૂળ સાફ કરતા નથી... ઘણીવાર સાવ નાની સમસ્યા મોટું સ્વરૂપ ધારણ કરી લે છે. તેમાં માત્રમે માત્ર સમજણનો અભાવ કારણભૂત બને છે. ઘણીવાર પોતાની માની લીધેલી માન્યતાને સાચી માની લેવાની જીદ પ્રશ્નને ગૂંચવી નાખે છે. તમારો અહમ કદાચ કોઈ બાબતમાં તમને વિજય અપાવે પણ સામેની વ્યક્તિની નજરમાંથી તમે કાયમ માટે ઉતરી જાવ છો. તમારા પ્રત્યેનો આદર ઘટી જાય છે.

ઘણીવાર કેટલીક બાબતો આપણા હાથમાં નથી હોતી ક્યારેક કુદરતી નિયમાનુસાર, ક્યારેક વ્યાવહારિક રીત રસમો મુજબ તો ક્યારેક ફક્ત બીજાનું માન રાખવા કેટલાક કામ અનિચ્છાએ પણ કરવા પડતા હોય છે. પણ આમ કર્યા પછી તેનો ડંખ મનમાં ક્યારેય ન રાખવો તો જ સંબંધનો પાયો મજબૂત બને. નહીતર પાયામાં લુણો લાગવાની શરૂઆત થઈ જાય. કેવળ મીઠું મીઠું બોલવું પણ ક્યારેક કોઈને મદદરૂપ ન થવું આ પ્રકારની માનસિકતા પણ સંબંધો નિભાવવામાં અડચણ રૂપ બને છે. આપણો ગાઢ સંબંધી જીવલેણ રોગનો શિકાર બને તો ગમે ત્યારે તે મદદ માગશે તેવા વિચાર માત્રથી ધીમે ધીમે સંબંધો ઓછા કરી નાખવા એમાં માણસાઈ તો નથી જ પણ તમારા સંબંધો તકલાદી હતા તે તમે સાબિત કરો છો. આપણે સ્વ કેન્દ્રિ અને સ્વાર્થી બનતા જઈશું તો સર્વત્ર માનવ-માનવ વચ્ચેના સંબંધો ટકી શકશે નહીં. પછી માનવી અને પશુમાં ઝાઝો ફેર નહીં રહે.

દુનિયામાં જુજ લોકો એવા હોય છે જેમને નીત નવા સંબંધો બાંધવા અને ટકાવવાનો શોખ હોય છે. તેમને સંબંધોની સુવાસ ફેલાવવી ગમે છે. પોતાના કામ પડતા મૂકીને પણ બીજાનું કામ કરવામાં તેમને આનંદ આવે છે. ક્યારેક બીજાના દુઃખમાં મદદરૂપ થવા ઉછીના પૈસા લાવીને પણ મદદ કરનાર ઉદાર માનવી જોવા મળે છે. આવા માનવીઓ સાથેના સંબંધોમાં ક્યારેય કડવાશ ઉત્પન્ન થતી નથી. તેમના સંબંધો કાયમ વૃદ્ધિ જ પામતા જાય છે. સંબંધોની અસુરક્ષિતતાની કારણ વગરની ચિંતા તેઓ ક્યારેય કરતા નથી.

પરીવારો તૂટતા જાય છે. લાગણીઓ ખૂટતી જાય છે ત્યારે માનવીને ટકવાનું એક માત્ર આધારબળ છે સંબંધો. કેટલાક સંબંધો સગપણ વિનાના હોય છે અને કેટલાક સગપણમાં સંબંધો હોતા નથી કોઈકે સાચું જ કહ્યું છે કે સગા હોય તે વહાલા નથી હોતા અને જે વહાલા હોય તે સગા નથી હોતા. આપણે કેવા પ્રકારના સંબંધો બાંધી શકીએ તે આપણા પર નિર્ભર છે. મજબૂત, નિઃસ્વાર્થ અને સ્નેહાળ સંબંધો થકી જ જીવન સુગંધિત બને છે. સંબંધોમાં સ્વાર્થ ભળે ત્યાં ઉધઈ શરૂ થાય છે. સગપણ તૂટે તો વાંધો નહીં. સંબંધો ન તૂટવા જોઈએ.